

## સાબરકાંઠામાં ત્રણ બેઠક પર ભગવો લહેરાયો એક બેઠક પર કોંગ્રેસ... હિમતનગર ૩૩૩૪, ઇડર ૪૮૯૨, ખેડબ્રહ્મા ૫૦૭૪, પ્રાંતિજ ૨૮૯૮ નોટા

હિમતનગર વિધાનસભા બેઠક પર ભાજપના રાજેન્દ્રસિંહ ચાવડા ૧૭૧૨ મતેથી વિજય થયા. ભાજપ-રાજેન્દ્રસિંહ ચાવડા-૯૪૩૪૦, કોંગ્રેસ-કમલેશ પટેલ-૯૨૬૨૮. ઈડર વિધાનસભા બેઠક પર ભાજપના હિતેશ કનોડિયા ૧૫૩૩૧ મતેથી વિજય થયા ભાજપ-હિતેશ કનોડિયા-૯૭૬૮૨, કોંગ્રેસ-મણીલાલ વાઘેલા-૮૨૩૫૧. ખેડબ્રહ્મા વિધાનસભા બેઠક પર કોંગ્રેસના અશ્વિન કોટવાલ ૧૧૧૩૧ મતેથી વિજય થયા. ભાજપ-રમીલાબેન બારા-૭૪૭૮૫, કોંગ્રેસ-અશ્વિન કોટવાલ-૮૫૯૧૬. પ્રાંતિજ વિધાનસભા બેઠક પર ભાજપના ગજેન્દ્રસિંહ પરમાર ૩૩૫૪ મતેથી વિજય થયા. ભાજપ-ગજેન્દ્રસિંહ પરમાર-૮૨૭૦૬, કોંગ્રેસ-મહેન્દ્રસિંહ બારૈયા-૭૯૩૫૨.



## ખેડબ્રહ્મામાં ત્રીજીવાર કોંગ્રેસનો વિજય

ખેડબ્રહ્મા વિધાનસભા સીટમાં આ વખતે ૧૭૭૪૪૯નું મતદાન થયું હતું જેમાં સોમવારે મત ગણતરી થતા અસ્વીન કોટવાલે બીજેપીના રમીલાબેન બારાને હરાવી સતત ત્રીજીવાર જીત મેળવી હતી. ૨૦૧૨માં અશ્વિન કોટવાલ ૮૮૪૮૮ મત મેળવી ૫૦ હજાર મતે વિજય થાય હતા જ્યારે ૨૦૧૭માં અશ્વિન કોટવાલ ૮૫૯૧૬ મત મળ્યા હતા જ્યારે હરીફ ઉમેદવાર રમીલાબેન બારાને ૭૪૭૮૫ મત મલતા અશ્વિન કોટવાલ ૧૧૧૩૧ મતે વિજય થયા હતા. જ્યા વિશાળ સંખ્યાને લઈ ત્રણ તાલુકાની જનતાનો અશ્વિન કોટવાલે લોકોનો આભાર વ્યક્ત કરી વિજય સરઘસ કાઢ્યું હતું.

## અરવલ્લી જિલ્લાની જનતાને અભિનંદન પાઠવતા જિલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્ર પારઘી

મોડાસા, તા. ૧૮

હાલની વિધાનસભાની ચૂંટણીમાં અરવલ્લી જિલ્લાના પ્રજાજનો દ્વારા કોંગ્રેસ તરફી જે મતદાન કરેલ છે અને જિલ્લાની પ્રજાએ કોંગ્રેસ ઉપર પુનઃ જે વિશ્વાસ મુકેલ છે તે બદલ જિલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્ર પારઘી દ્વારા જિલ્લાના પ્રજાજનોનો આભાર વ્યક્ત કરેલ છે. પારઘીએ જણાવેલ કે, આ વિજય અરવલ્લીની જનતાનો વિજય છે. ભારતીય જનતા પાર્ટી દ્વારા નવરચિત અરવલ્લી જિલ્લાના વિકાસ પ્રત્યે ઓરમાયુ વર્તન રાખ્યુ હતુ જેમ કે પીવાના પાણી, સિંચાઈના પાણી, ગ્રામ્ય વિસ્તારના રસ્તા, પ્રાથમિક શાળાના નવા ઓરડા, જિલ્લાની આરોગ્યની સુવિધા સઘન બનાવવા, આદીજાતિ વિસ્તારના ન્યુ ગુજરાત પેટર્નના વિકાસના કામો તેમજ જિલ્લાના વિકાસ સંદર્ભે અમારા તરફથી વારંવાર કરવામાં આવેલ રજુઆતને ભારતીય જનતા પાર્ટીની ગત સરકારે ધ્યાને ન લીધી જેથી જિલ્લાની પ્રજાએ ભારતીય જનતા પાર્ટી વચ્ચે અંતર રાખ્યુ હતુ. આવનારા સમયમાં પણ અમો જિલ્લા પંચાયત મારફતે જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં વિકાસ અંગે પુનઃ રાજ્ય સરકારમાં ઉગ્ર રજુઆત કરીશું તેમ રાજેન્દ્ર પારઘીએ એક અખબારી યાદીમાં જણાવે છે તેમજ સમગ્ર જિલ્લાના પ્રજાજનો કોંગ્રેસ પાર્ટી તરફથી પુનઃ આભાર વ્યક્ત કરેલ છે.



## કાંકરેજ બેઠક પર કિર્તીસિંહ વાઘેલાનો ભવ્ય વિજય

કાંકરેજ વિધાનસભામાં બહુજ ઉત્તેજના પૂર્ણ માહોલમાં થયેલ રસાકસી પૂર્ણ ચૂંટણી બાદ પાલનપુર ખાતે યોજાયેલ મત ગણતરીમાં શરૂઆતથી જ કિર્તીસિંહ વાઘેલાએ લીડ બનાવી હતી. જે અંત સુધી જળવાઈ રહી હતી. ૮મા રાઉન્ડના અંતે બન્ને ઉમેદવારો સરખા થઈ જતા ઉત્તેજનામાં વધારો થયો હતો. અંતે મતગણતરી પૂર્ણ થતાં કિર્તીસિંહ વાઘેલાને ૯૫૧૨૧ મત મળ્યા હતા, જ્યારે કોંગ્રેસ પક્ષે ડી.ડી. જાલેરાને ૮૬,૫૪૩ મત મળ્યા હતા. જ્યારે બહુજ મજબૂત અપક્ષ ગણાતા લેબજી ધારણા મુજબ પ્રદર્શન કરી શક્યા ન હતા. તેઓ માત્ર ૩૦૩૭ મત મેળવવામાં સફળ થયા હતા. મકવાણા વાઘાભાઈ બહુજન સમાજપાર્ટીના ઉમેદવારને ફક્ત ૧૯૫૨ મત મળ્યા હતા. જ્યારે ઈશ્વરભાઈ દેસાઈ ઓલ ઈન્ડીયા હીન્દુસ્તાન કોંગ્રેસ પાર્ટીને ૧૦૪૩ મત જ મળ્યા હતા. જ્યારે સૌથી વધારે ત્રીજા નંબરે નોટો રહ્યો હતા. જે ૩૮૮૧ મત મળ્યા હતા. જે અપક્ષો બીજા પક્ષો કરતા વધારે હતો. કિર્તિસિંહ વાઘેલાના વિજયી સમાચાર મળતા સમગ્ર તાલુકામાં ફટાકડા ફોડી હર્ષ સાથે વધાવવા કાર્યકરો ઉમટી પડ્યા હતા. મોટી સંખ્યામાં સમર્થકો ફુલહાર, અબીલ ગુલાલ ઉડાડી વિજય ઉત્સવ મનાવ્યો હતો.

# અરવલ્લી જિલ્લામાં ત્રણ બેઠકો પર પંજાએ કમળને મસળી નાખ્યું

## વિજેતા ઉમેદવારોનું ડીજેના તાલે ભવ્ય વિજય સરઘસ : ત્રણે બેઠકો પર ૨૦૧૨નું પુનરાવર્તન કરવામાં કોંગ્રેસ સફળ

અરવલ્લી, તા. ૧૮

અરવલ્લી જિલ્લામાં ત્રણ વિધાનસભા બેઠકો માટે મોડાસા સરકારી ઈજનેરી કોલેજ ખાતે સોમવારે મત ગણતરી યોજાયી હતી. જેમાં ૨૦૧૨નું પુનરાવર્તન જોવા મળ્યું હતું. ત્રણે બેઠકો પર કોંગ્રેસના ઉમેદવારોનો ભવ્ય વિજય થતા સોમવતી અમાસ કોંગ્રેસને ફળી હતી. ૩૧-મોડાસા વિધાનસભા બેઠકનું કોકડું ગૂંચવાતા સાંજે ૬ વાગે પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. અરવલ્લી જિલ્લાની ત્રણે બેઠકો પર કાંટેકી ટક્કરમાં કોંગ્રેસ ભાજપને મહાત આપી હતી. ત્રણે બેઠકો પર કોંગ્રેસ પુનરાવર્તન કરવામાં સફળ રહ્યું હતું. બીજી બાજુ ભાજપ પરિવર્તન કરવામાં નિષ્ફળ સાબિત થયું હતું. કોંગ્રેસના ત્રણે વિજેતા ઉમેદવારના ડીજેના તાલે ભવ્ય વિજય સરઘસ નીકળ્યા હતા.

અરવલ્લી જિલ્લાની ત્રણે બેઠકો પર વિજય બનવા ભાજપ-કોંગ્રેસ પક્ષ દ્વારા એડીચોટીનું જોર લગાવામાં આવ્યા હતું આખરે કોંગ્રેસ પક્ષના ઉમેદવારો કિલર સાબિત થયા હતા. ૩૧-મોડાસા-ધનસુરા વિધાનસભા બેઠક પર કાંટેકી ટક્કરમાં કોંગ્રેસના ઉમેદવાર રાજેન્દ્રસિંહ ઠાકોરે ભાજપના ભીખુસિંહ પરમારને ત્રણ આંકડામાં માત આપવામાં સફળતા મળી હતી. મોડાસા વિધાનસભા બેઠક પર સવારે ૮ વાગે ગણતરી શરુ થતા ઉતાર-ચડાવ જોવા મળ્યો હતો. અગમ્ય કારણોસર મત ગણતરીનું કોકડું ગૂંચવાતા બંને પક્ષના ઉમેદવારો અને ટેકેદારોના ટોળેટોળા મોડાસા ઈજનેરી કોલેજ ખાતે ઉમટી પડયા હતા. ઉશ્કેરાટ ભર્યા વાતાવરણમાં આખરે કોંગ્રેસના ઉમેદવાર રાજેન્દ્રસિંહ ઠાકોરનો ભવ્ય વિજય થતા ટેકેદારો જુમી ઉઠ્યા હતા અને મોડાસા શહેરમાં ડીજેના તાલે વાજતે-ગાજતે ભવ્ય વિજય સરઘસ કાઢવામાં આવ્યું હતું. કોંગ્રેસને વિજેતા જાહેર કરતાંની સાથે ભાજપ પક્ષના અગ્રણીઓ અને કાર્યકરોમાં નિરાશા ફેલાયી હતી.

ભિલોડા બેઠક પર કોંગ્રેસ-ભાજપ અને અપક્ષ વચ્ચે ત્રિ-પાંખીય જંગ ખેલાયો હતો જેમાં ભાજપ દ્વારા છોટા ઉદેપુરમાં એસપી તરીકે ફરજ બજાવતા પીસી બરંડાને કોંગ્રેસના અનિલ જોષીયારા સામે ઉતારતા ભારે રસાકસી જામી હતી અને ચૂંટણીના અંતિમ તબક્કામાં ભાજપના ઉમેદવાર પીસી બરંડા જીત પાક્કી હોવાની જણાતી હતી. પરંતુ મત ગણતરીમાં કોંગ્રેસના ઉમેદવાર ડૉ.અનિલ જોષીયારાનો ૧૨૪૧૭ મતથી વિજેતા બનતા ભાજપમાં ભારે સન્નાટો મચ્યો હતો. ભિલોડાના કોંગ્રેસના ઉમેદવારનું ભવ્ય વિજય સરઘસ કાઢવામાં આવ્યું હતું. બાયડ-માલપુર સીટ અરવલ્લી જિલ્લામાં ભારે ચર્ચાનું કારણ બની હતી. જેમાં કોંગ્રેસના ધવલસિંહ ઝાલાએ મહેન્દ્રસિંહના વિશ્વાસુ ગણાતા ભાજપના અદેસિંહ ચૌહાણ ને ૭૪૮૬ મતે પછડાટ અપાતા ધવલસિંહ ઝાલાએ મોડાસાથી બાયડ સુધી ડીજેના તાલે ભવ્ય વિજય સરઘસ કાઢ્યું હતું.





# ભાજપે ઈવીએમની મદદથી બહુમતી મેળવી : હાર્દિક

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને સ્પષ્ટ બહુમતિ મળ્યા બાદ પાટીદાર અનામત આંદોલનના નેતા હાર્દિક પટેલે આજે મીડિયા સમક્ષ વાતચીત કરતા કહ્યું હતું કે ભાજપ ઈવીએમમાં ગરબડ કરીને જીત્યુ છે. ગુજરાતની જનતાને હજુ ઘણી જાગૃત થવાની જરૂર છે. જ્યાં જીતનું અંતર ૧ હજારથી ૨ હજાર સુધી રહ્યું છે ત્યાં ઈવીએમ મોટો મુદ્દો રહ્યું છે.

હાર્દિક પટેલે જણાવ્યું હતું કે અમદાવાદ, સુરત અને રાજકોટમાં જીતનું અંતર ૨૫૦ થી ૩૦૦ મત રહ્યું છે. જે વિધાનસભાને લઈને ટ્વિટ કર્યું હતું કે ત્યાં ૨૦૦થી ૩૦૦ વોટનું અંતર જ ભાજપ અને કોંગ્રેસની જીત વચ્ચે રહ્યું છે. સુરતની વરાછા રોડ બેઠક પર ૧ લાખ પટેલ મતદાતા છે. ત્યાં અમારી સભામાં આટલી મોટી જનમેદની ઉમટી છતાં અમારો પરાજય થયો તે મોટો સવાલ છે.



હાર્દિક પટેલે કહ્યું હતું કે હું ભાજપને જીતની શુભેચ્છાઓ નહીં આપુ કારણ કે આ જીત ઈવીએમની મદદથી મેળવાઈ છે. હું પાંચ દિવસ બાદ ફરી આંદોલન શરૂ કરીશ અને આખુ ગુજરાત ફરીશ. આપણે તો વોટ આપ્યા પછી પણ વિચારવું પડે છે કે આપણો વોટ યોગ્ય જગ્યાએ પડ્યો હશે કે નહીં? આ કેવી લોકશાહી છે.

હાર્દિક પટેલે કહ્યું હતું કે ગુજરાતમાં ૬ કરોડ લોકોમાંથી ૫ કરોડ લોકો આંદોલન ચલાવી રહ્યા છે. જ્યાં ચળવળ ચાલતી હશે ત્યાં ભાજપ જીતે છે તો એ વિચારવા જેવી વાત છે. એટીએમમાં ગરબડ થઈ શકે છે તો ઈવીએમમાં કેમ નહી.

# ભિલોડા-મેઘરજ વિધાનસભા બેઠક પર કોંગ્રેસનો પંજો છવાયો



ભિલોડા,તા.૧૮

ગુજરાત વિધાનસભાની બીજા તબક્કાની ભારે રસાકસી ભરી ચુંટણી યોજાઈ હતી.અરવલ્લી જીલ્લાના વડામથક મોડાસા ખાતે આજે મતગણતરી યોજાઈ હતી. ભિલોડા-મેઘરજ વિધાનસભા બેઠક કોંગ્રેસના ઉમેદવાર જંગી બહુમતીથી વિજેતા જાહેર થયા હતા. ભાજપના ઉમેદવાર પી.સી. બરંડાનો કારમો પરાજય થયો હતો. ભિલોડા-મેઘરજ તાલુકાના કોંગ્રેસી હોદેદારો, કાર્યકરોમાં આનંદની લાગણી પ્રસરી હતી.

# ઉત્તર ગુજરાતમાં કોંગ્રેસ પર ભારે પડી વાઘેલાની બગાવત

ગુજરાતમાં ભાજપે છઠ્ઠી વખત જીતનો પરધમ લહેરાવ્યો છે. કોંગ્રેસ ફરી એક વખત સત્તાના વનવાસને તોડી નથી શકી. મોદી લહેર સામે કોંગ્રેસ ઉત્તર ગુજરાતમાં તેનો કિલ્લાનો બચાવ કરી શકી નથી. કોંગ્રેસે તેનો ગઢ ગુમાવ્યો છે. શંકરસિંહ વાઘેલાએ કરેલી બગાવત મોંઘી પડી છે અને ઓબીસી નેતા અલ્પેશ ઠાકોર કાર્ડ પણ કોંગ્રેસના કામમાં ન આવ્યું. કોંગ્રેસની નુકશાન થયું છે.

ઉત્તર ગુજરાત વિસ્તારમાં ૫૩ વિધાનસભા બેઠકો છે. આમાંથી ભાજપ ૩૫ બેઠકો જીતવા સફળ થયો છે. ત્યાં કોંગ્રેસના ખાતામાં ૧૭ બેઠકો આવી છે. જ્યારે ૨૦૧૨ની વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે ૩૨ અને કોંગ્રેસને ૨૧ બેઠકો મળી હતી. ગઈ ચૂંટણી કરતા કોંગ્રેસને ૪ બેઠકોનું નુકશાન થયું છે. ઉત્તર ગુજરાતથી શંકરસિંહ વાઘેલાએ ગઈ ચૂંટણીમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. શંકરસિંહ વાઘેલાનું કોંગ્રેસ છોડવું પાર્ટી માટે નુકસાનકારક રહ્યું. એ સ્પષ્ટ છે કે વાઘેલા ફેક્ટરથી કોંગ્રેસને ભારે નુકસાન થયું છે.



પરંપરાગત ઓબીસી મતબેંક પણ કામ ન આવી જેનાથી ઉત્તર ગુજરાતમાં પાર્ટીને ભારે નુકસાન થયું. ઉત્તર ગુજરાતના રાજકીય નિર્ણયોમાં ખેડૂતો, પાટીદારો, ઓબીસી અને આદિવાસીઓ મહત્વની ભૂમિકા ભજવે છે. પટેલ આંદોલનની સૌથી અસર આ વિસ્તારમાં છે આથી જ માનવામાં આવે છે કે પટેલની નારાજગીથી આ વખતે ભાજપને નુકસાન થશે, પરંતુ દાવ ઉલટો પડ્યો હાર્દિક અને અલ્પેશ બંને કાર્ડ આ ક્ષેત્રમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. આથી ભાજપના બદલે કોંગ્રેસને

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ